# ઇઝરાયલના વિદેશ મંત્રીની ભારત મુલાકાત (04 નવેમ્બર, 2025)

04 નવેમ્બર, 2025

ઇઝરાયલના વિદેશ મંત્રી મહામહિમ શ્રી ગિડિઓન સાઆર ભારતની બે દિવસની મુલાકાતે આવ્યા. વિદેશ મંત્રી તરીકે આ તેમની ભારતની પ્રથમ મુલાકાત છે.

2. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં ઇઝરાયલના વિદેશ મંત્રી ગિડિઓન સાઆર સાથે મુલાકાત કરી હતી. બંને મંત્રીઓએ ભારત-ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીના સંપૂર્ણ વિસ્તારને આવરી લેતી સાર્થક અને વિગતવાર ચર્ચાઓ કરી હતી. તેમણે રાજકીય, સુરક્ષા, કૃષિ, વેપાર અને રોકાણ, સંરક્ષણ અને લોકોથી લોકોના પારસ્પરિક સંબંધો, તેમજ મહત્વપૂર્ણ અને ઉભરતી ટેક્નોલોજી, સેમિકન્ડક્ટર, સાઇબર સુરક્ષા અને AI સહિતના ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગની પણ સમીક્ષા કરી હતી.

3. આતંકવાદના સહિયારા પડકાર પર, બંને મંત્રીઓએ આતંકવાદ પ્રત્યે, તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામે શૂન્ય સહિષ્ણુતાના વૈશ્વિક અભિગમને સુનિશ્ચિત કરવાની પુનઃપુષ્ટિ કરી હતી.

4. વિદેશ મંત્રી સાઆર દ્વારા પશ્ચિમ એશિયા અને ખાડી ક્ષેત્રની ઘટનાઓ પર ઇઝરાયેલના દૃષ્ટિકોણ અને મંતવ્યો જણાવવામાં આવ્યા હતા. ભારતના વિદેશ મંત્રીએ ગાઝા શાંતિ યોજના માટે ભારતનું સમર્થન વ્યક્ત કર્યું, બંધકોને પરત સોંપવાના પગલાંનું સ્વાગત કર્યું અને આશા વ્યક્ત કરી કે શાંતિ યોજના ટકાઉ અને સ્થાયી ઉકેલ માટેનો માર્ગ મોકળો કરશે.

5. બંને મંત્રીઓએ અન્ય વૈશ્વિક ઘટનાઓ અને બહુપક્ષીય મંચોમાં સહયોગ વધારવા અંગે પણ ચર્ચા કરી હતી. સુષમા સ્વરાજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન સર્વિસ અને ઇઝરાયલના વિદેશ મંત્રાલય વચ્ચે તાલીમ અંગેના સમજૂતી કરારના આદાન-પ્રદાનમાં ભારતના વિદેશ મંત્રી અને ઇઝરાયલના વિદેશ મંત્રી સાઆર સાક્ષી બન્યા હતા.

6. આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી સાઆર દ્વારા ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે પણ મુલાકાત કરવામાં આવી હતી અને તેમણે હાઇફા ચોક સ્મારકની મુલાકાત લીધી હતી.

નવી દિલ્લી

04 નવેમ્બર, 2025